PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-03/૨૦૨૩-૨૪/ 3754-5 તારીખ : 22-11-2023

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
શ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણી
શિવમ પાર્ક, વૃંદાવન વિલા -૨, સરદાર નગરની બાજુમા, મોરબી રોડ ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૯૯૨૪૪૭૭૪૦૮

વિષય : સોલાર મીટરનું જોડાણ આપવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૧-૧૦-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૨/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૨/ક્વા-૩/૨૩-૨૪/3754-5 તા. 22-11-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૧૨/ક્વા-૩/૨૩-૨૪, તા.૨૧-૧૦-૨૦૨૩

અરજદાર : શ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણી, ગામ : રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૧

રજૂઆત કરનાર : શ્રી ડી.પી.રાઠોડ,નાયબ ઈજનેર,પી.જી.વી.સી.એલ.,મોરબીરોડ પેટાવિભાગીય કચેરી, અને શ્રી ટી.જે ગોસ્વામી અધીક્ષક (રેવ.) વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ
૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૭.૧૧.૨૦૨૩ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૭.૧૧.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર / ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણી મોરબી રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૬૨૯૨૪/૧૫૪૧૪/૬ થી ૬.૫ કિ.વો. નુ ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. સદર કનેકશનમાં અરજદારે સોલાર પેનલ લગાવામાં માટેની અરજી કરેલ હતી તે અરજીને અનુસંધાને અરજદારે સોલાર પેનલ ફીટ કરાવેલ છે સોલાર પેનલ ફીટ થયા હોવા છતાં સંલગ્ન કચેરી દ્વારા સોલાર મીટરનું જોડાણ આપતા નથી જેથી સોલાર મીટર માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત પત્ર નં-૫૬૫૩ તા.૦૨.૧૧.૨૦૨૩થી જણાવેલ કે અરજદાર મહેશભાઈ લાલજીભાઈ ખોયાણી ગ્રાહક નંબર ૬૨૯૨૪/૧૫૪૧૪/૬ દ્વારા સુર્યા

ગુજરાતના પોર્ટલમાં એપ્લીકેશન નંબર **GUJ/P2/23-24U/rt/res/10917987** તા.૧૦.૦૮.૨૦૨૩ થી સોલર કનેક્શન માટે અરજી કરવામાં આવેલ.

ગ્રાહક જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણી, હરસિદ્ધિ પાર્ક સ્ટ્રીટ નંબર-૧, મેંગો માર્કેટ નજીક, ગ્રાહક નંબર ૩૦૭૫૬/૦૬૪૪૯/૦ (નવાં ગ્રાહક નં-૬૨૯૫૬/૦૬૪૪૯/૫), લોડ ૨૦ કિવો, ટેરીફ **NRGP-L** માં રૂ.૪૬૩૬૧૦૫.૯૯ બાકી હોવાનું ધ્યાને આવતા અરજદારના સોલરઇન્ટર કનેક્શનના એગ્રીમેન્ટ કરેલ નથી.

3.૧ અરજદાર દ્વારા તા.૦૫.૦૧.૨૦૧૫ ના રોજ પ્લોટ નંબર ૯૮-એ, સર્વે નંબર ૩૦ પૈકી, હરસિદ્ધિ પાર્ક સ્ટ્રીટ નંબર ૧, મેંગો માર્કેટ નજીક, નવાગામ ખાતે એનઆરજીપી-એલ કેટેગરીના નવું વીજકનેક્શનની માંગણી કરેલ છે. જે અન્વયે સદર વીજજોડાણ શ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણી નામે ગ્રાહક નંબર ૩૦૭૫૬/૦૬૪૪૯/૦ (નવાં ગ્રાહક નંબર ૬૨૯૫૬/૦૬૪૪૯/૫) નું વીજજોડાણ તા.૨૬.૦૨.૨૦૧૫ ના રોજ રીલીઝ કરવામાં આવેલ. સદર નવાં કનેક્શનની અરજી સાથે જોડવામાં આવેલ રેશનકાર્ડમાં શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીનું નામ અરજદારના પત્ની તરીકે સ્પષ્ટ દર્શાવેલ છે.

3.૨ અરજદાર દ્વારા તા.૦૫.૦૪.૨૦૧૭ના રોજ સદર વીજજોડાણમાં ૫+૧૫ =૨૦ કી.વો.ની લોડવધારાની માંગણી કરેલ જે અન્વયે ધારા ધોરણસર આ કનેક્શનમાં તા.૧૩.૦૬.૨૦૧૭ ના રોજ લોડવધારો મંજુર કરવામાં આવેલ.

3.3 સદર કનેક્શન અરજદારના નામ પરથી શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામે નામ બદલી કરવા માટેની અરજી જરૂરી દસ્તાવેજો સાથે તા.૨૬.૦૯.૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ. સદર અરજી સાથે રૂ.૧૦૦/- ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર સદર જગ્યાનો વેચાણ કરાર રજુ કરેલ છે. જે અન્વયે સદર વીજજોડાણમાં તા.૧૬.૧૦.૨૦૧૭ ના રોજ શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામે નામ ફેર મંજુર કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૪ અરજદાર દ્વારા સદર કનેક્શનમાં ફોલ્ટનો કમ્પ્લેન નંબર ૨૪૬૯૦૩ તા.૧૫.૦૩.૨૦૨૨ થી કરેલ હોવાથી તા.૧૫.૦૩.૨૦૨૨ના રોજ સદર કનેક્શન અરજદારની હાજરીમાં ચેક કરતા સદર કનેક્શનનાં મીટરને બાહ્ય રીતે બાળવામાં આવેલ માલુમ પડેલ અને જે સબબ ચેકીંગ શીટ તથા અન્ય સંલગ્ન દસ્તાવેજોમાં અરજદાર દ્વારા સહી પણ કરેલ છે જે સબબ પાવરચોરીની કલમ-૧૩૫ મુજબ રૂ.૩૬૭૧૧૭૮=૨૮ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂ.૪,૨૪,૦૦૦=૦૦ સાથે કુલ રકમ રૂ.૪૦,૯૫,૧૭૮=૨૮ નું પુરવણીબીલ આઉટવર્ડ નંબર ૧૯૧૪ તા.૧૫.૦૩.૨૦૨૨ ના રોજ અરજદારને આપવામાં આવેલ હતું.

3.૫ સદર ગ્રાહક શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીને આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદાર દ્વારા તા.૧૯.૦૩.૨૦૨૨ના રોજ સદર ગ્રાહક નંબર ૩૦૭૫૬/૦૬૪૪૯/૦ (નવાં ગ્રાહક નં-૬૨૯૫૬/૦૬૪૪૯/૫) ના ઉલ્લેખ સાથે સદર પાવરચોરીનો દંડ અરજદારને ખોટી રીતે આપેલ હોવાની અરજી કરેલ છે.

ત્યારબાદ અરજદાર દ્વારા તા.૨૯.૦૪.૨૦૨૩ ના રોજ સદર ગ્રાહક શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામે ગ્રાહક નંબર-૩૦૭૫૬૦૬૪૪૯૦ (નવાં ગ્રાહક નંબર ૬૨૯૫૬/૦૬૪૪૯/૫) ના ઉલ્લેખ સાથે અરજદારની સહીથી આ પાવરચોરીનો દંડ ના હપ્તા કરવા તેમજ અરજદારનું મીટર ફીટ કરવા બાબતની અરજી પણ કરેલ છે. જે અન્વયે તા.૦૯.૦૯.૨૦૨૩ના રોજ પ્રીલીટીગેશન લોક અદાલતમાં સમાધાન માટે ગ્રાહકશ્રીને બોલાવવામાં આવેલ જેમાં અરજદાર શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના બદલે રૂબરૂ હાજર રહેલ. જે કોર્ટમાં સમાધાન થયેલ ન હોવાથી પેનલ એડવોકેટ દ્વારા અરજદારને લીગલ નોટીસ તા.૧૯.૧૦.૨૦૨૩ના રોજ આપવામાં આવેલ છે.

લોક અદાલત દ્વારા ઉપર દર્શાવ્યા મુજબનાં સુર્યાગુજરાત પોર્ટલ એપ્લીકેશન નંબર **GUJ/P2/23-24U/rt/res/10917987** વાળા સોલાર કનેક્શનની માંગણીના ઇન્ટર કનેક્શન એગ્રીમેન્ટ માટે આપવમાં

આવેલ ત્યારે અરજદારના ધર્મપત્ની શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામે ગ્રાહક નં-૬૨૯૫૬/૦૬૪૪૯/૫ ના બાકી લેણાંની રકમ કે જે બાબતે અરજદાર રૂબરૂ લોક અદાલતમાં હાજર રહેલ હોય અને ઉપર જણાવ્યા મુજબ અરજદારની સહીથી અરજીઓ પણ કરેલ હોવાનું ધ્યાને આવતા ઇન્ટર કનેક્શન એગ્રીમેન્ટ કરેલ નથી અને જે પત્રની જાણ પત્ર નંબર ૬૯૭૬ તા.૨૦.૧૦.૨૦૨૩ થી કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણી મોરબી રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૬૨૯૨૪/૧૫૪૧૪/૬ થી ૬.૫ કિ.વો. નુ ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદાર દ્વારા સદર વીજજોડાણમાં સોલારરૂફટોપના અરજી - સુર્યાગુજરાત પોર્ટલ એપ્લીકેશન નંબર **GUJ/P2/23-24U/rt/res/10917987** તા.૧૦.૦૮.૨૦૨૩ થી કરેલ છે, જે અન્વયે અરજદાર દ્વારા જરૂરી ચાર્જીસ તા.૧૨.૦૯.૨૦૨૩ થી ભરપાઈ કરેલ છે તેમજ સંલગ્ન એજન્સી દ્વારા સોલાર રૂફટોપ પેનલની કામગીરી પૂર્ણ કરીને એગ્રીમેન્ટ અને સોલાર મીટર ફીટ કરવા માટે સંલગ્ન પીજીવીસીએલની કચેરીમાં રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થયેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ અરજદારની ઉપરોક્ત ફરિયાદ અન્વયે, પીજીવીસીએલની મોરબી પેટાવિભાગીય કચેરીના પત્ર નં – **DE/MRB ROAD/6976** તા.૨૦.૧૦.૨૦૨૩ મુજબ અરજદારના બીજા વીજજોડાણ કે જેના ગ્રાહક નં - ૬૨૯૫૬/૦૬૪૪૯/૫ થી જ્યોતસનાબેન મહેશભાઈ ખોયાણીના નામે હરસિદ્ધિ પાર્ક, શેરી નં-૧ કુવાડવા રોડના ઇન્ડસ્ટ્રીયલ હેતુ માટે વીજજોડાણ ધરાવે છે, જેમાં કુલ બાકી રકમ રૂ.૪૬૩૬૧૦૫=૯૯ ભરપાઈ કર્યા બાદ સોલાર કનેક્શન અંગેની જાણકારી હાથ ધરવામાં આવશે, જેની જાણકારી અરજદારને કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ સદરકેસની સુનાવણી દરમ્યાન લેખિત રજૂઆત મુજબ ફરિયાદી અરજદારશ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણીના પત્ની શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામે આવેલ વીજજોડાણ ગ્રાહક નં-૩૦૭૫૬/૦૬૪૪૯/૦ (નવા ગ્રાહકનં-૬૨૯૫૪/૦૬૪૪૯/૫), ૨૦ કીવો **NRGP-L** ટેરીફનું છે જેમાં પીજીવીસીએલની બાકી લેણી રકમ રૂ.૪૬૩૬૧૦૫=૯૯ હોવાથી અરજદારનું સદર સોલાર રૂફટોપનું એગ્રીમેન્ટ કરવામાં આવેલ નથી.

૪.૫ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ દ્વારા વધુમાં જણાવેલ કે, શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામનું હાલમાં જે વીજજોડાણ ગ્રાહક નં- ૩૦૭૫૬/૦૬૪૪૯/૦ (નવા ગ્રાહકનં-૬૨૯૫૪/૦૬૪૪૯/૫) ધરાવે છે.

સદર વીજજોડાણ તા.૨૧.૦૨.૨૦૧૫ ના રોજ શ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણીના નામે પ્લોટ નં -૯૮-એ, સર્વે નંબર:૩૦ પૈકી, હરસિદ્ધિ પાર્ક સ્ટ્રીટ નંબર-૧, મેંગો માર્કેટ નજીક નવાગામ ખાતે **NRGP-L** ટેરીફનું રીલીઝ કરવામાં આવેલ હતું. સદર વીજજોડાણની અરજી સાથે જોડેલ દસ્તાવેજના રેશનકાર્ડની નકલમાં શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણી જે અરજદારના ધર્મપત્ની તરીકે નોંધયેલ છે.

ત્યારબાદ સદર વીજજોડાણમાં તા.૧૩.૦૬.૨૦૧૭ ના રોજ ૦૫ + ૧૫ = ૨૦ કીવોનો વીજભાર વધારો મંજુર કરેલ છે, ત્યારબાદ સદર વીજજોડાણમાં વીજ ગ્રાહકશ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણીના નામે થી શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામે નામબદલી કરવા માટેની અરજી તા.૨૬.૦૯.૨૦૧૭ અન્વયે નિયમાધીન કાર્યવાહી તા.૧૬.૧૦.૨૦૧૭ ના રોજ શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામે મંજુર કરાયેલ છે, સદર વીજજોડાણમાં તા.૧૫.૦૩.૨૦૨૨ ના રોજ કરાયેલ

ચેકિંગ અન્વયે ગ્રાહકને કલમ-૧૩૫ મુજબનું પુરવણીબીલ રૂ.૩૬૭૧૧૭૮=૨૮ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂ.૪,૨૪,૦૦૦=૦૦ સાથે કુલ રકમ રૂ.૪૦,૯૫,૧૭૮=૨૮ નું પુરવણીબીલ આઉટવર્ડ નંબર ૧૯૧૪ તા.૧૫.૦૩.૨૦૨૨ ના રોજ અરજદારને આપવામાં આવેલ હતું.

૪.૬ અરજદાર દ્વારા તા.૨૯.૦૪.૨૦૨૩ ના રોજ સદર ગ્રાહક શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીના નામે ગ્રાહક નંબર-૩૦૭૫૬૦૬૪૪૯૦ (નવાં ગ્રાહક નંબર ૬૨૯૫૬/૦૬૪૪૯/૫) ના ઉલ્લેખ સાથે શ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણીના નામથી પાવરચોરીનો દંડ ના હપ્તા કરવા સદર જગ્યાએ મીટર ફીટ કરવાની અરજી કરેલ છે. જે અન્વયે તા.૦૯.૦૯.૨૦૨૩ના રોજ પ્રીલીટીગેશન લોક અદાલતમાં સમાધાન માટે શ્રીમતી જ્યોત્સનાબેન મહેશભાઈ ખોયાણીને હાજર રહેવા જણાવેલ તેઓના બદલે શ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણી હાજર રહેલ હતા, જેમાં સમાધાન થયેલ ન હોવાથી કંપનીના લીગલ એડવોકેટ દ્વારા ગ્રાહકને લીગલ નોટીસ તા.૧૯.૧૦.૨૦૨૩ થી અપાયેલ છે. આમ, સદર બાબતોને ધ્યાનમાં લઇને પીજીવીસીએલ દ્વારા શ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણી સાથે એગ્રીમેન્ટ કરેલ નથી.

૪.૭ નામદાર જીઇઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં-૪.૩૦ નીચે મુજબ છે. "નવા જોડાણ પુનઃજોડાણ વીજભારમાં વધારો કે ઘટાડો નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવાની માટેની અરજી તે જગ્યાના સંબંધિત કોઈલેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણના સંબંધમાં કોઈ બાકી રકમ ચૂકવવામાં આવશે નહીં ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

પરંતુ નવા અરજદાર પાસેથી અગાઉના લેણા વસુલ કર્યા પછી જોડાણ આપવામાં આવે તેવા કેસમાં અને યોગ્ય કાનૂની ઉપાય પ્રાપ્ત થયા પછી પરવાનેદારને તે જગ્યા અગાઉના ગ્રાહક/માલિક પાસેથી કે કબજેદાર પાસેથી બાકી નીકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેસમાં આવી બાકી નીકળતી રકમ વસૂલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસૂલ કરવામાં આવી હોય તે નવા ગ્રાહક/માલિક કે કબ્જેદારને રકમ પાછી અપાશે."

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ અને ૪.૭ મુજબની વિગતે અરજદારશ્રી મહેશભાઈ લાલજીભાઈ ખોયાણીની તેઓના હયાત ઘરવપરાશ વીજજોડાણ ગ્રાહક નં- ૬૨૯૨૪/૧૫૪૧૪/૬ (૬.૫ કિ.વો.) માં સોલાર વીજજોડાણ મેળવવા માટેની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવે છે, જે અન્વયે જરૂરી નિયમાધીન કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને જાણકારી આપવામાં આવે છે, તેમજ પીજીવીસીએલ દ્વારા કરાયેલ કાર્યવાહીની જાણકારી ફોરમને કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| Joshi.Mitinkum | | |
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ.- બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.